RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 156 * Date: 27.03.2025,Thursday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# અમેરિકન ગુપ્તચર એજન્સીનો વધુ એક ધડાકો, ફેન્ટાલિન મામલે ભારત-ચીનનું નામ આપ્યું

અમેરિકન ગુપ્તચર એજન્સીએ ભારત-ચીનનો ઉલ્લેખ કરી ચોંકાવનારો ધડાકો કર્યો છે. એજન્સીનું કહેવું છે કે, ભારત-ચીને ફેન્ટાનિલ જેવી ઘાતક દવાઓનું ઉત્પાદન કરવા માટે તસ્કરો સાથે હાથ મીલાવી કાચા માલની સપ્લાય કરી રહ્યા છે. વાસ્તવમાં અમેરિકામાં ફેન્ટાનિલ અને અન્ય સિન્થેટિક ડ્રગ્સની દાણચોરીમાં ધરખમ વધારો થતાં ટ્રમ્પ વહિવટી તંત્ર આકરા પગલાઓ ભરી રહ્યું છે. તાજેતરમાં જ અમેરિકન સેનેટમાં એક વિધેયક રજૂ કરવામાં આવ્યું હતું, જેમાં ફેન્ટાનિલ ડ્રગ્સના ખતરાને પહોંચી વળવાના ઉપાયો બતાવાયા છે. જોકે આ તમામ ઘટનાક્રમ વચ્ચે અમેરિકન ગુપ્તચર એજન્સીનો ભારત-ચીન વિરુદ્ધનો ચોંકાવનારો રિપોર્ટ સામે આવ્યો છે.રિપોર્ટમાં કહેવાયું છે કે, 'ભારત અને ચીન ભેગા મળીને ફેન્ટાનિલ જેવી ઘાતક દવાઓનું ઉત્પાદન કરવા માટે કાચા માલની સપ્લાય કરી રહ્યા છે. એજન્સીના એટીએ રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે, બંને દેશોએ ફેન્ટાનિલનું ગેરકાયદે ઉત્પાદન કરનારા તસ્કરી સંગઠનો સાથે હાથ મિલાવ્યા છે અને રસાયણ અને ઉપકરણ સપ્લાય કરી રહ્યા છે.વાસ્તવમાં અમેરિકામાં ઘણા વર્ષોથી ફેન્ટાલિન સંબંધીત મામલાઓ વધી ગયા છે અને તેની અસર જીવલેણ બની રહી છે. રિપોર્ટમાં એવું પણ કહેવાયું છે કે, આ દાણચોરીના કારણે વર્ષ ૨૦૨૪ સુધીમાં ૫૨૦૦૦થી વધુ અમેરિકન નાગરિકોના મોત થયા છે. ફેબ્રુઆરી-૨૦૨૫માં વ્હાઈટ હાઉસે આપેલા આંકડા પ્રમાણે, ૨૦૨૩-૨૪ના નાણાકીય વર્ષમાં, કસ્ટમ્સ અને બોર્ડર પ્રોટેકશનએ અમેરિકાની સરહદેથી ૨૧,૦૦૦ પાઉન્ડ એટલે કે લગભગ ૯૫૦૦ કિલોથી વધુ ફેન્ટાલિન પકડયું હતું, અમેરિકાના દાવા પ્રમાણે આ ફેન્ટાનાઈલ ૪ અબજથી વધુ લોકોને મારવા માટે પૂરતું છે. રિપોર્ટ મુજબ, 'આમ તો પહેલાથી જ અમેરિકામાં ચીન અને મેક્સિકોમાંથી ફેન્ટાનિલ ડ્રગની દાણચોરી થઈ રહી છે, જોકે હવે પ્રથમવાર ભારતનું નામ ટોપ પર આવ્યું છે. ૨૦૨૪ સુધી ભારતનું નામ યાદીમાં ઘણું પાછળ હતું, જોકે પ્રથમવાર આવું બન્યું છે કે, ભારત-ચીનને સમાન ક્રમાંકે રખાયા છે. વાસ્તવમાં ટ્રમ્પે ફેન્ટાનિલ તસ્કરી વિરુદ્ધ કડક કાર્યવાહી કરવાનું વચન આપ્યું હતું. આ ઉપરાંત ટ્રમ્પે ટેરિફ વૉર છંછેડી ભારત-ચીન સાથે શિંગળા ભેરવી રહ્યું છે, તેથી સ્વાભાવિક છે કે, તેઓ ભારત પર કોઈને કોઈ પ્રકારે આક્ષેપ કરતા રહેવાના છે.

## વોટ્સએપ મેસેજથી ક્રિપ્ટોકરન્સી, ગૂગલ મેપ્સથી રોકડ રકમ ઝડપાઈઃ સીતારમણે આપી જાણકારી



કેન્દ્ર સરકારે ડિજિટલ અસ્કયામતોને ટ્રેક કરવા માટે નવા ઈન્કમટેક્સ બિલ હેઠળ નવી કાનૂની જોગવાઈઓ લાગુ કરવાની દરખાસ્ત મૂકી છે. હાલના ઈન્કમટેક્સ એક્ટમાં ડિજિટલ ટ્રાન્ઝેક્શનની તપાસ કરવા માટે પૂરતા કાયદા અને નિયમોનો અભાવ હોવાથી સરકાર આ મુદ્દે કાયદામાં સુધારો લાવવા માંગે છે. અલબત્ત, આમ કરવાથી જનતાની પ્રાયવસી જોખમમાં મૂકાઈ જશે. વોટ્સએપ સહિતની લોકોની એક પણ 'ચેટ' ખાનગી નહીં રહે.નાણાપ્રધાન નિર્મલા સીતારમણે મંગળવાર, ૨૫ માર્ચના રોજ લોકસભામાં જણાવ્યું હતું કે, 'ડિજિટલ અસ્કયામતોની તપાસ કરવા માટે (પૂરતું અને ઝડપી) કાયદાકીય સમર્થન મળતું નથી, તેથી અમે નવા ઈન્કમટેક્સ એક્ટમાં તેનો સમાવેશ કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે.'બિનહિસાબી સંપત્તિનો પત્તો લગાવવા માટે 'ડિજિટલ ફોરેન્સિકની ભૂમિકા પર ભાર મૂકતાં નાણાં મંત્રી નિર્મલા સીતારમણે દાવો કર્યો હતો કે, 'વોટ્સએપના એન્ક્રિપ્ટેડ સંદેશા ટ્રેક કરીને રૂ. ૨૦૦ કરોડના બિનહિસાબી નાણાંના વ્યવહાર પકડી પાડવામાં આવ્યા છે. અધિકારીઓએ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટની તપાસ કરીને બિનહિસાબી નાણાં કોના છે એ અને ગૂગલ મેપ હિસ્ટ્રીના આધારે નાણાં ક્યાં છુપાવાયા હતા એ શોધી કાઢ્યું છે.'

## અમદાવાદના વસ્ત્રાલ-ઠક્કરનગરમાંથી નકલી પનીર ઝડપાયું,હોટલ-રેસ્ટોરન્ટમાં કરાતું હતું સપ્લાય



રાજયમાં નકલી ખાદ્ય ચીજ-વસ્તુ ઝડપાયાની અનેક ઘટનાઓ સામે આવતી હોય છે, ત્યારે અમદાવાદના વસ્ત્રાલ અને ઠક્કરનગરમાં નકલી પનીર ઝડપાયું છે. છસ્ઝના ફૂડ વિભાગ દ્વારા ચેકિંગ હાથ ધરીને નકલી પનીરનો જથ્થો જપ્ત કર્યો હતો. નકલી પનીરનો જથ્થો અલગ-અલગ હોટલ અને રેસ્ટોરન્ટ્સમાં સપ્લાય કરવામાં આવતું હતું.

અમદાવાદમાં નકલી ચીજ વસ્તુનું વેચાણ કરીને લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડા કરાતી હોવાની ઘટના સામે આવી છે. શહેરના વસ્ત્રાલ અને ઠક્કરનગર વિસ્તારમાં નકલી પનીરનો જથ્થો ફૂડ વિભાગની ટીમ દ્વારા ઝડપી પાડવામાં આવ્યો છે. જેમાં વસ્ત્રાલના એક ગોડાઉનમાંથી ૧૧૯ કિલોગ્રામ અને ઠક્કરનગરમાં આવેલી સતનામ ડેરીમાંથી ૧૪૪ નકલી પનીરનો જથ્થો ઝડપાયો છે.

મળતી માહિતી મુજબ, શહેરની અલગ-અલગ હોટલો અને રેસ્ટોરન્ટમાં નકલી પનીર સપ્લાય કરવામાં આવતું હતું. છસ્ઝના ફૂડ વિભાગ દ્વારા વસ્ત્રાલ અને ઠક્કરનગરમાંથી ઝડપાયેલા નકલી જથ્થાની સીઝ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી.



## તંત્રી લેખ.......

# ૧૧ માસમાં ભારતના ક્રૂડ આયાત બિલમાં ૩ ટકાનો વધારો

પેટ્રોલિયમ પ્લાનિંગ એન્ડ એનાલિસિસ સેલના ડેટા અનુસાર, નાણાકીય વર્ષ ૨૦૨૫ના પ્રથમ અગિયાર મહિનામાં ભારતનું ક્રૂડ આયાત બિલ ૨.૯% વધીને ૧૨૪.૭ બિલિયન ડોલર થયું છે, જે નાણાકીય વર્ષ ૨૦૨૪ના સમાન સમયગાળામાં ૧૨૧.૨ બિલિયન ડોલર હતું. દેશે એપ્રિલ અને ફેબ્રુઆરી વચ્ચે ૨૧૯.૯ મિલિયન ટન ક્રૂડ ઓઈલ આયાત કર્યું હતું, જે ગયા વર્ષના સમાન સમયગાળામાં ૨૧૩.૪ મિલિયન ટનથી ૩% વધુ છે.ફેબ્રુઆરી મહિનામાં જ કડ ઓઈલ આયાત બિલ લગભગ ૩% વધીને ૧૦.૬ બિલિયન ડોલર થયું, જ્યારે આયાત વોલ્યુમ ફેબ્રુઆરી ૨૦૨૪ ની સરખામણીમાં ૫% વધીને ૧૯.૧ મિલિયન ટન થયું હતું.વધતી માંગ વચ્ચે, ચાલુ નાણાકીય વર્ષના એપ્રિલ-ફેબ્રુઆરી દરમિયાન ભારતની ક્રૂડ ઓઈલ આયાત પરની નિર્ભરતા વધીને ૮૮.૨% થઈ ગઈ,

# હઝારીબાગમાં બબાલ: ધાર્મિક જૂલુસ પર પથ્થરમારો, ભારે પોલીસ દળ તહેનાત

ઝારખંડના હઝારીબાગ જિલ્લામાં હિંસાનો મામલો સામે આવ્યો છે. અહીં ધાર્મિક જૂલુસ દરમિયાન કથિત રીતે પથ્થરમારો કરવામાં આવ્યો હતો, જેના કારણે વિસ્તારમાં તણાવ સર્જાયો હતો. આ ઘટના અંગે માહિતી આપતાં સબ-ડિવિઝનલ પોલીસ અધિકારી પરમેશ્વર કામતીએ જણાવ્યું કે, આ ઘટના મંગળવારે રાત્રે લગભગ ૧૧:૦૦ વાગ્યે જામા મસ્જિદ ચોક પાસે બની હતી, જ્યારે રામ નવમી ઉત્સવ હેઠળ મંગળા જૂલુસ નીકાળવામાં આવી રહ્યું હતું. બંને બાજુથી



પથ્થરમારો થયો હતો. લોકોનું કહેવું છે કે જૂલુસ દરમિયાન સાંપ્રદાયિક ગીતો વગાડવાને લઈને વિવાદ થયો હતો.

# અંત્યોદય શ્રમિક સુરક્ષા યોજના અંતર્ગત લાભાર્થિ ને ૧૦ લાખ નો ચેક અર્પણ કરાયો.




નિતીન પંડ્યા - અરવલ્લી, મોડાસા ખાતે કલેક્ટર કચેરી મુકામે ''અંત્યોદય શ્રમિક સુરક્ષા યોજના× હેઠળ અરવલ્લી જિલ્લા કલેક્ટર પ્રશસ્તિ પરીકના વરદ હસ્તે સ્વ. વસંતભાઈ જીવાભાઈ પાંડોરના વારસદાર, તેમના ધર્મપત્ની ગં. સ્વ. અરૂણાબેન વસંતભાઈ પાંડોરને રૂપિયા ૧૦ લાખનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો. આ ક્ષણ એક પરિવાર માટે ન્યાય અને આશાનું પ્રતીક બની રહી, જેમણે પોતાના પ્રિયજનને અકસ્માતમાં ગુમાવ્યા હતા.

આ યોજના અંતર્ગત મોડાસા પોસ્ટ ઓફિસની ̈ ̧ બ્રાન્ચના મેનેજર જીગરભાઈ પ્રણામીએ જણાવ્યું કે, અકસ્માત બાદ લાભાર્થીના પરિવારે ડોક્યુમેન્ટ સુપરત કર્યા પછી માત્ર ૨૦ દિવસના અત્યંત ટૂંકા સમયગાળામાં તેમની ટીમે સમગ્ર પ્રક્રિયા પૂર્ણ કરી. આ ઝડપી કામગીરીથી લાભાર્થીના બેંક ખાતામાં રૂ. ૧૦ લાખની રકમ જમા થઈ, જે એક પરિવારના ઘાવ પર મલમનું કામ કરે છે. આ પ્રસંગે કલેક્ટર પરીખે લાભાર્થી અને તેમના પરિવારજનોને ×વિધવા પેન્શન યોજના×ની માહિતી આપી, ભવિષ્યમાં કોઈપણ સરકારી કામકાજ માટે જિલ્લા પ્રશાસન હંમેશાં તેમની પડખે રહેશે તેવું હૃદયસ્પર્શી આશ્વાસન આપ્યું હતું.આ યોજના હેઠળ વાર્ષિક માત્ર ૪૯૯ રૂપિયાના ખર્ચે ૧૦ લાખનો વીમો, ૧ લાખનું મેડિક્લેમ અને બાળકોના ભણતર માટે ૧ લાખ સુધીની સહાય મળે છે. કલેક્ટરે જિલ્લાના દરેક નાગરિકને આવી યોજનાનો લાભ લઈ, પોતાના પરિવારનું ભવિષ્ય સુરક્ષિત કરવા ભાવુક અપીલ કરી હતી.-


# ભાજપને સત્ય હજમ નથી થતું, દાવો સાચો હોય તો હું રાજીનામું આપીશ..' બંધારણ મુદ્દે વિવાદ પર ડી.કે.શિવકુમાર



કર્ણાટકના નાયબ મુખ્યમંત્રી ડીકે શિવકુમારે ભાજપ દ્વારા લગાવવામાં આવેલા આરોપોને ફગાવી દીધા છે. આ આરોપોમાં એવું કહેવામાં આવ્યું હતું કે, ડીકે શિવકુમારે રાજ્યમાં મુસ્લિમો માટે ચાર ટકા અનામત આપવા માટે બંધારણમાં સુધારો કરવાની પ્રતિજ્ઞા લીધી છે.શિવકુમારે કહ્યું કે, 'જો આ દાવો સાચા સાબિત થશે તો હું રાજકારણમાંથી સન્યાસ લઈ લઈશ.' કોંગ્રેસ નેતાનું આ નિવેદન આવતાની સાથે મંગળવારે ભાજપે રાજ્યભરમાં આ મામલે તેમના રાજીનામાની માંગણી સાથે વિરોધ પ્રદર્શન કર્યું હતું. શિવકુમારે કહ્યું, 'મેં ઈન્ટરવ્યુમાં જણાવેલ સચ્ચાઈ અને મારા રાજકીય વલણને ભાજપ પચાવી શકતું નથી. મેં ક્યારે એવું કહ્યું નથી કે હું બંધારણ બદલવા જઈ રહ્યો છું? જો મેં કહ્યું હોત, તો હું તેને સ્વીકાર કરી લેતો. આપણે જ બંધારણ લઈને આવ્યા છીએ અને આપણે જ તેનું રક્ષણ કરી રહ્યા છીએ. આપણા નેતાઓ સમજદાર છે અને તેમણે ઈન્ટરવ્યુ જોયો છે.'તેમણે વધુમાં કહ્યું, 'આ ભાજપના નેતાઓએ જ કહ્યું હતું કે તેઓ બંધારણ બદલશે. જો મેં ક્યારેય પણ એવું કહ્યું હોય કે, હું બંધારણ બદલીશ, તો હું રાજકારણમાંથી સન્યાસ લઈ લઈશ.' જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે, શું કોંગ્રેસ હાઈકમાન્ડે સ્પષ્ટતા માંગી છે, ત્યારે તેમણે કહ્યું, 'હા, તેમણે સ્પષ્ટતા માંગી છે.

# ઇન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનમાં અંતરિક્ષયાત્રી થઈ રહ્યા છે બીમાર

ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનમાં અંતરિક્ષયાત્રીઓ જાય ત્યારે બીમાર થવું સામાન્ય થઈ ગયું છે. આ લોકોને વિવિધ પ્રકારની બીમારીઓ પણ થઈ રહી છે. જેમ કે, ચામડી લાલ થવાથી લઈને વિચિત્ર એલર્જી સુધીની ઘણી મુશ્કેલીઓનો તેઓ સામનો કરી રહ્યા છે. એક સંશોધનમાં જાણવા મળ્યું છે કે અંતરિક્ષમાં આવેલી લેબોરેટરીમાં પૂરતાં પ્રમાણમાં કિટાણુઓ ન હોવાના કારણે તેઓ બીમાર થઈ રહ્યા છે. પૃથ્વી પર માટી અને પાણીમાં કેટલાક બેક્ટેરિયા જોવા મળે છે. જોકે અંતરિક્ષમાં તે ન હોવાથી તકલીફ થઈ રહી છે. અંતરિક્ષ વધુ પડતું સ્વચ્છ હોવાથી તેમનામાં બીમારી



જોવા મળી રહી છે. સ્વસ્થ રહેવા માટે કેટલાક બેક્ટેરિયાની પણ જરૂર પડે છે, જે અંતરિક્ષમાં જોવા મળતાં નથી.મનુષ્યમાં અથવા તેમના શરીર પર રહેલા બેક્ટેરિયા સામાન્ય રીતે તેમની સાથે અંતરિક્ષમાં પણ ટ્રાવેલ કરે છે. જો કે પૃથ્વી પર માટી, પાણી, અને વિવિધ વસ્તુઓમાં રહેલા માઈક્રોબ્સ, એટલે કે અન્ય બેક્ટેરિયા, અંતરિક્ષમાં જોવા મળતાં નથી. આથી, આ બેક્ટેરિયાઓનું બેલેન્સ ન જળવાઈ રહેતાં મનુષ્યના શરીર પર તેની પ્રતિક્રિયા સ્વરૂપ અસર જોવા મળે છે. વધુ પડતી સાફસુથરી જગ્યાએ પણ મનુષ્યને બીમારી થઈ શકે છે. વિજ્ઞાનીઓનું માનવું છે કે થોડા બેક્ટેરિયાને અંતરિક્ષમાં લઈને જવાય તો આરોગ્ય પર તેની સકારાત્મક અસર પડી શકે છે.યુનિવર્સિટી ઑફ કેલિફોર્નિયાના સેન ડિએગોમાં આવેલી માઈક્રોબાયોમ ઈનોવેશન સેન્ટરના પ્રોફેસર રોબ નાઈટ જણાવે છે કે પૃથ્વી પર ખુલ્લા વાતાવરણથી જે રીતે મનુષ્યને ફાયદો થાય છે તે અંતરિક્ષમાં બંધ વાતાવરણથી શક્ય નથી.

# બિહારમાં સેપકટકરાવ રમતનો વર્લ્ડકપ યોજાઈ ગયો

નરેન્દ્રસિહ - ભારતમાં વિશ્વ કક્ષાના સેપક ટકરાવ રમતો માટે નો વર્લ્ડ કપ હમણાં તારીખ ૨૦ માર્ચથી ૨૫મી માર્ચ સુધી બિહાર રાજ્યના પટના ખાતે યોજાયો હતો. જેમાં દુનિયાભરના અનેક દેશોની ટીમોએ ભાગ લીધો હતો. ભાઈઓ અને બહેનોની મળીને આ રમતમાં અનેક ખેલાડીઓ જોડાયા હતા.આ રમતમાં ભારતીય ખેલાડીઓએ ખૂબ જ સુંદર પ્રદર્શન કર્યું હતું. પુરુષો અને સ્ત્રીઓ બંને મળીને કુલ સાત મેડલો પ્રાપ્ત કરી શક્યા હતા. એમાં એ વળી ભારતીય પુરુષ ટીમ છેલ્લા દિવસે ફાઈનલમાં જાપાનને પછાડીને ગોલ્ડ મેડલ મેળવી ચૂકી છે. કુલ મળેલા મેડલો ની વાત કરીએ તો પુરુષ અને સ્ત્રી વિભાગમાં પાંચ બ્રોંજ મેડલ, એક સિલ્વર મેડલ




અને એક ગોલ્ડ મેડલ સાથે ભારતે કુલ સાત મેડલ મેળવ્યા છે. સેપક ટકરાવ એ ગુજરાતના ખેલાડીઓ માટે નવીન રમત છે, પરંતુ ખરેખર એક સુંદર અને ખેલ દિલીની ભાવનાવાળી આ રમતમાં દરેકે રમતવીરો એ રસ રાખવી ભાગ લેવા જેવો છે.-

# વિધાનસભા પહોંચે એ પહેલા PT ટીચરોની ટીંગાટોળી:કાયમી ભરતીની માગ સાથે વિરોધપ્રદર્શન, પોલીસ સાથે ઉગ્ર ઘર્ષણ થતાં વીણીવીણીને વ્યાયામ શિક્ષકોને ઉપાડયા







ગુજરાત રાજ્યમાં છેલ્લાં ૧૫ વર્ષથી વ્યાયામ શિક્ષકની કાયમી ભરતી થઈ નથી. એને લઈને વ્યાયામ શિક્ષકો છેલ્લા ઘણા સમયથી સરકારમાં રજૂઆત કરી રહ્યા હોવા છતાં તેમની પડતર માગણીઓ સંદર્ભે કોઈ નિરાકરણ આવ્યું નથી, જેથી ગઈકાલથી માફક આજે પણ વ્યાયામ શિક્ષકો ગાંધીનગરના રામકથા મેદાનમાં ધરણાં - વિરોધપ્રદર્શન અર્થે એકઠા થયા હતા, જોકે આ દરમિયાન આંદોલનકારીઓ વિધાનસભા પહોંચે એ પહેલાં જ પોલીસે તેમની ટીંગાટોળી કરી અટકાયત કરી લીધી હતી.વ્યાયામ શિક્ષકોએ સરકારવિરોધી સૂત્રોચારો કર્યા હતા. પોતાની માગ સાથે અડગ રહેલા શિક્ષકોએ ધરણાં પ્રદર્શન કરી વિધાનસભા તરફ વિરોધ કરવા પહોંચી રહ્યા હતા, જોકે એ વખતે જ પોલીસ સાથે ઉગ્ર ઘર્ષણ થયું હતું, જેથી પોલીસે વિરોધ કરી રહેલા વ્યાયામ શિક્ષકોને વીણીવીણીને ઉઠાવ્યા હતા. અનેક આંદોલનકારીઓને પોલીસ ઢસડીને લઈ ગઈ હતી.વ્યાયામ શિક્ષકોએ આક્રોશ વ્યક્ત કરીને કહ્યું હતું કે રાજ્યમાં છેલ્લાં ૧૫ વર્ષથી કાયમી વ્યાયામ શિક્ષકની ભરતી નથી થઈ. રાજ્યની તમામ શાળાઓમાં બાળકોનો સુચારુ, સર્વાંગી વિકાસ થાય અને રમતગમતમાં ગુજરાતનું બાળક ખીલે તેનો વિકાસ થાય, શાળાઓમાં વ્યાયામ શિક્ષકની નિમણૂક થાય અને તેમને રોજગાર પ્રાપ્ત થાય એ હેતુથી સરકાર ખેલ સહાયક યોજના અમલમાં લાવી છે, જોકે આ યોજના અમને મંજૂર નથી, કેમ કે આ યોજના ગુજરાત રાજ્યની તમામ શાળાઓનાં બાળકોનાં કે વ્યાયામ શિક્ષકોનાં હિતમાં નથી.તેમણે વધુમાં જણાવ્યું હતું કે બાળકોના સર્વાંગી વિકાસ માટે એક વ્યાયામ શિક્ષકે શરૂઆત કરી હોય, તેને રમતના નિયમો શિખવાડવામાં આવી રહ્યા હોય, બાળક એક કક્ષાએ રમતમાં ભાગ લઈને આગળ વધી રહ્યું હોય ને બીજી કક્ષાએ પહોંચે એ પહેલાં તો વ્યાયામ શિક્ષકને ફરજ પરથી મુક્ત કરી દેવાય છે. આ યોજનાથી તેમનું અન્યાય-શોષણ થઈ રહ્યું છે. આ યોજનામાં શાળાનાં બાળકો તથા વ્યાયામ શિક્ષકોનું હિત નથી.વધુમાં શિક્ષકોએ ઉમેર્યું કે ૧૧ માસ કરાર આધારિત ખેલ સહાયક યોજનામાં તમામ ખેલ સહાયક માટે રજા માટેના કોઈ એકસરખા નિયમ નથી. રાજ્યમાં ખેલ સહાયકના ૧૧ માસ વેકેશન સિવાય કેવી રીતે ગણતરી થાય છે એ બાબતનો ખુલાસો નથી. ખેલ સહાયકને ૧૧ માસ પૂરા થયા વગર જ કોઈપણ જાતની લેખિત માહિતી કે પરિપત્ર વગર મૌખિક રીતે છૂટા કરી દેવામા આવે છે. કોઈપણ અધિકારી પાસે ઝઇઝ, મ્ઇઝ,ૂ ઈ, ઢ્ઈ સહિતની માહિતી નથી.

ફેબ્રુઆરી માસમાં અમુક જિલ્લાઓમાં પૂરો પગાર થાય છે, અમુક જિલ્લાઓમાં પગાર જ નથી થતો. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકના ખેલ સહાયકને છૂટા કરવાનો ઓફિશિયલ પરિપત્ર જાહેર કર્યો છે, જ્યારે પ્રાથમિક વિભાગનો કોઈ જ પરિપત્ર થયો નથી. રિન્યૂની પ્રોસેસ ચાલુ કરી દીધી છે એ પણ આખી નવેસરથી જેની કોઈ જરૂર જ નથી. આ મુદ્દે અનેક વખત આવેદનપત્ર આપી સરકારમાં રજૂઆત કરાઈ છે.તેમણે વધુમાં જણાવ્યું હતું કે વર્ષમાં ૮ મહિનાની જ નોકરી અને ૪ મહિના ઘરે બેસવું પડે છે. અમો સૌ માનસિક, શારીરિક અને આર્થિક રીતે ખૂબ જ હેરાન થયા છે અને હાલમાં પણ બેરોજગારની માફક ૨ મહિનાથી ઘરે બેસી રહ્યા છીએ, આ બાબતોને કારણે અમે ઉપર માનસિક, શારીરિક અને આર્થિક તો ઠીક પણ સામાજિક રીતે પણ આનો ભોગ બની રહ્યા છીએ, જેના કારણે કાયમી વ્યાયામ શિક્ષકોની સત્વર ભરતી કરવાની અમારી માગ છે. પરીક્ષા બોર્ડ (જીઈમ) દ્વારા જે ખેલ અભિરુચિ કસોટી (જીછ્) પરીક્ષા લેવામાં આવી છે, તેને માન્ય ગણીને તે પરીક્ષા ઉપર કાયમી ભરતી કરવામાં આવે.

# ગાંધીનગરમાં ગરમીનો પ્રકોપ:મહત્તમ તાપમાન ૩૯ ડિગ્રી સુધી પહોંચી શકે, સવારે જ ૩૪ ડિગ્રી તાપમાન

ગુજરાતમાં ગરમીએ પોતાનો પ્રકોપ વધાર્યો છે. રાજ્યના મોટાભાગના શહેરોમાં તાપમાન ૪૦ ડિગ્રીને પાર પહોંચી ગયું છે. ગાંધીનગરમાં મંગળવારે તાપમાન ૪૦.૬ ડિગ્રી નોંધાયું હતું. બુધવારે સવારે તાપમાનનો પારો ૩૪ ડિગ્રી સુધી પહોંચ્યો છે.

બપોરના સમયે આકરા તડકાના કારણે લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ આગામી ૨૪ કલાક દરમિયાન તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થવાની શક્યતા નથી. ત્યારબાદ તાપમાનમાં ૨થી ૩ ડિગ્રીનો ઘટાડો થઈ શકે છે.

રાજ્યમાં ઉત્તર-પશ્ચિમથી ઉત્તર દિશાના પવનો ફૂંકાઈ રહ્યા છે. આજે રાજ્યમાં તાપમાન ૨૧થી ૩૯ ડિગ્રીની વચ્ચે રહેવાની સંભાવના છે. ગાંધીનગરમાં દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૩૯ ડિગ્રી સુધી પહોંચી શકે છે. રાત્રે લઘુત્તમ તાપમાન ૨૩ ડિગ્રી સુધી રહેશે. માર્ચના અંતમાં કમોસમી માવઠાની શક્યતા પણ વ્યક્ત કરવામાં આવી છે.




## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




*NOGSS No.167*
★વિષયઃ-"અવકાશ યાત્રી સુનિતા વિલિયમ્સ"★
★શિર્ષક;- "દુનિયાને મળી એક ઝલક"★
★પ્રકારઃ- પદ્ય - શબ્દઃ૧૦૮★

દુનિયાને મળી એક ઝલક, સુનિતા વિલિયમ્સ તણી,
વિશ્વ સ્તબ્ધ હતું, સુનિતામાં હતી સ્રી શક્તિ ઘણી.
રોકાણ હતું એકજ અઠવાડિયાનું, અવકાશમાં તેનું,
ગમી ગયું પ્રભુને, અવકાશી આગમન તેનું રે! અનેરું.
ચિંતા હતી વિશ્વને, છે! પૃથ્વીપરનું આગમન અઘરું,
ભારતની દીકરી સ્વસ્થ હતી, હતું હાસ્ય તેનું મોંઘેરું.
આવ્યો હતો ચઢાઉ ઉત્તર, તેની જિંદગીમાં અવકાશે,
ન હારી હિંમત જરા, માણ્યો લહાવો કુંભનો અવકાશે.
ફરી ગયું નસીબનું પાનું, ઉતરી આવી એ જન્મધરાપર,
વિશ્વ આખુંય ગુંજી ઉઠ્યું, ઉલ્હાસ પ્રસર્યો લોકહદયે.
ગર્વ છે ભારતને, ભારતીય મૂળની દીકરી પર સદાનો,
જીતી ગઈ જંગ જિંદગી, ને કર્તવ્યનો આજે પોતાનો.

★નરેન્દ્ર ત્રિવેદી.(ભાવનગર)★

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS NO 166
વિષય :- "અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ "
શિર્ષક :- "અંતરિક્ષની સફળ નારી"
પ્રકારઃ- પદ્ય. શબ્દોઃ- ૬૪

અમેરિકામાં જન્મ લેનારી, અદભૂત સાહસ ધરાવનારી,
ભારત માતાની દિકરી, અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ .

નવ માસ અવકાશમાં રહેનારી, છતાં હિંમત ન હારનારી,
ભારતને પ્રેમ કરનારી, અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ.

દઢ સંકલ્પને ધરાવનારી, અમદાવાદ સાથે નાતો રાખનારી, શોર્ય મિસાલ બનનારી, અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ .

અવકાશની નાયિકા બનનારી, સૌનું પ્રેમથી દિલ જીતનારી,
દુનિયાની છે લાડકવાયી, અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ .

પદ્મભૂષણથી સન્માનિત થયેલી, દેશનું ગૌરવ વધારનારી,
અંતરિક્ષની સફળ નારી , અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ .

:-ધનજીભાઈ ગઢીયા "મુરલી" (જુનાગઢ)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS No ::226
વિષયઃ-અવકાશયાત્રી-સુનિતા વિલિયમ્સ
શિર્ષકઃ વિક્રમ સર્જક-સુનિતા વિલિયમ્સ
રચનાઃ પદ્ય શબ્દોઃ-૫૯

નવ માસ આકાશમાં રહેતી એ,
સુનિતા વિલિયમ્સ સાહસિક છે.

અનોખા અભિયાન પુરું કર્યુ એ,
સુનિતા વિલિયમ્સ સાહસિક છે.

પ્રસિદ્ધ ભારતીય અમેરિકન એ,
સુનિતા વિલિયમ્સ સાહસિક છે.

અનોખા વિક્રમોનો સર્જનાર એ,
સુનિતા વિલિયમ્સ સાહસિક છે.

સ્ત્રી શક્તિનું રૂડું ઉદાહરણ એ,
સુનિતા વિલિયમ્સ સાહસિક છે.

બુચ વિસમોર ઉડાને સાથી એ
સુનિતા વિલિયમ્સ સાહસિક છે.

સુભાષ ઉપાધ્યાય 'મેહુલ'(અમેરિકા)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG: SS No. 387
વિષયઃ અવકાશ યાત્રી સુનિતા વિલિયમ્સ
શિર્ષક :આઓ તુમ્હે ચાંદ પે લે જાયે...
પ્રકારઃ ગદ્ય શબ્દો : ૧૫૭

અંતરિક્ષ ની સફળ પરી, અમેરિકા માં જન્મેલ, ભારતીય મૂળની આપણા ગુજરાતના ઝૂલાસણ ની, દુનિયા ને ઝુલાવનાર સુનિતા ને પુનિતા નાં શત્ શત્ નમન.
જેમ બાળક નવ માસ મા ના ગર્ભ માં થી બહાર આવીને નવી દુનિયા ની જાણકારી (કૌતુક) મેળવે છે.એમ આપણી સુનિતા વિલિયમ્સે પણ પૂરા નવ માસ પછી જ -અખૂટ પરિશ્રમ, અતૂટ શ્રદ્ધા, અઢળક સંઘર્ષો,અડગ મનોબળ સાથે ફ્લોરિડા ના દરિયા કિનારે હેમખેમ સસ્મિત ઉતરી ને વિશ્વ ના ફલક પર પોતાનું નામ અંકિત કરી સમગ્ર નારી જાતિ નું ગૌરવ બની.
પંછી બનું ઉડતી ફીરૂ મસ્ત ગગન મેં...
હો... ચાંદ સૂરજ સિતારો સે ખેલું...
અપની બાંહો મેં આકાશ લે..લુ
બઢતી ચલુ ગાતી ચલુ અપની લગન મેં (૨)
આજ મેં આઝાદ હું દુનિયા કે ચમન મેં...
હિલ્લોરી....(૭)
નરગીસજી પર ફિલ્માવાયેલુ, લત્તા જી નું ગાયેલું, સુનિતા જી એ સાર્થક કરી બતાવ્યું!!
વાહ!"કેવો સુંદર ત્રિવેણી સૂર સંગમ રચાયો".

પુનિતા બેન દવે -મણિનગર અમદાવાદ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS NO. 0101
વિષયઃ અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ
શીર્ષકઃ અપ્રતિમ અવકાશી સાહસ
પ્રકારઃ ગદ્ય લેખ શબ્દોઃ ૩૫૧

સુનિતા વિલિયમ્સ, એક નામ જે બહાદુરી, નિશ્ચય અને અવકાશ સંશોધનના જુસ્સાનો પડઘો પાડે છે. ૧૯ સપ્ટેમ્બર, ૧૯૬૫ ના રોજ યુક્લિડ, ઓહિયોમાં જન્મેલા સુનિતાને પહેલેથી જ તારાઓના વિશ્વમાં, નક્ષત્રોની અચંબા પાડતી દુનિયામાં રસ ધરાવતા હતા. તેમનો જન્મ અને ઉછેર જ તેથી તે દિશામાં થયો હતો. તેઓ ૧૯૮૭ માં યુનાઈટેડ સ્ટેટ્સ નેવલ એકેડેમીમાંથી સ્નાતક થયા અને અવકાશયાત્રી બન્યા.
૨૦૧૨માં, સુનિતાએ રશિયન અવકાશયાન, સોયુઝ ટીએમએ - ૦૫ સ્પર સવારી કરી, આંતરરાષ્ટ્રીય સ્પેસ સ્ટેશનની નોંધપાત્ર યાત્રા શરૂ કરી. તેમનું મિશન, જુલાઈ ૨૦૧૨ થી માર્ચ ૨૦૧૩ દરમિયાન નવ મહિના અત્યંત પ્રભાવશાળી રીતે ચાલ્યું હતું. આ સમય દરમિયાન, તેમણે વૈજ્ઞાનિક પ્રયોગો કરવા, સ્પેસ સ્ટેશનની જાળવણી કરવી સાથે રેકોર્ડ બ્રેકિંગ સ્પેસવોક એ સમય દરમિયાન તેમણે કરી હતી.

★તાલીમ અને મિશનના ઉદ્દેશો★

તેમના મિશનની તૈયારી માટે, સુનિતાએ ટેક્સાસના હ્યુસ્ટનમાં નાસાના જહોનસન સ્પેસ સેન્ટરમાં સખત તાલીમ લીધી. તેની તાલીમમાં રશિયન ભાષાની કુશળતા શીખવી, રોબોટિક હાથનું સંચાલન કરવું અને પોતાને આઈએસએસ સિસ્ટમોથી પરિચિત કરવું શામેલ છે. તેના મિશનના ઉદ્દેશોમાં જીવંત સજીવો પર માઈક્રોગ્રેવીટીના પ્રભાવ પર સંશોધન કરવું, નવી તકનીકીઓનું પરીક્ષણ કરવું અને આંતરાષ્ટ્રીય અવકાશ મથકની જાળવણી કરવી વગેરે કાર્યો શામેલ હતાં.
સુનિતા વિલિયમ્સનું છેલ્લું મિશન બોઇંગ ક્રૂ ફ્લાઇટ ટેસ્ટ હતું, જે ૫ જૂન, ૨૦૨૪ ના રોજ શરૂ થયું હતું. શરૂઆતમાં આઠ દિવસની અવધિ માટે આયોજન કરવામાં આવ્યું હતું, બોઇંગ સ્ટારલિનરના સર્વિસ મોડ્યુલ સાથેના તકનીકી મુદ્દાઓને લીધે આંતરરાષ્ટ્રીય સ્પેસ સ્ટેશનમાં નવ મહિનાથી વધુ સમય સુધી રોકાણ કરવામાં આવ્યું હતું.
આ મિશન દરમિયાન, વિલિયમ્સે તેના અગાઉના રેકોર્ડ્સને વટાવીને, સ્ત્રી દ્વારા અવકાશમાં સૌથી વધુ સમય વિતાવેલા રેકોર્ડ્સ તોડી નાખ્યા હતા. તેણે સપ્ટેમ્બર ૨૦૨૪ માં, તેની કારકિર્દીમાં બીજી વખત અવકાશ મથકનું સંચાલનની કામગીરી પણ નિભાવી હતી.
વિલિયમ્સ ૧૮ માર્ચ, ૨૦૨૫ ના રોજ પૃથ્વી પર પાછા ફર્યા, સ્પેસએક્સ ક્રૂ -૯ મિશન પર સવાર, ફ્લોરિડાના તલ્લહાસી નજીક મેક્સિકોના અખાતમાં સલામત રીતે ઉતર્યા હતા.

★વિલંબિત આગમન અને પ્રતિક્રિયા★

જો કે, સુનિતાની સ્પેસ સ્ટેશનની યાત્રા તેના પડકારો વિના નહોતી. તકનીકી સમસ્યાને કારણે તેમના અવકાશયાનને આંતરાષ્ટ્રીય સ્પેસ સ્ટેશન સાથે ડોકીંગ કરવામાં વિલંબનો અનુભવ થયો. આ ગંભીર બાબત હોવા છતાં, સુનિતા શાંત અને સ્વસ્થ રહી, તે તેની અપવાદરૂપ તાલીમ અને અનુભવનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. ધરતી પર પાછા ફરી તેણીએ ઉત્તેજના અને કૃતજ્ઞતા વ્યક્ત કરતાં કહ્યું, "તે એક સુંદર દશ્ય છે, અને હું અહીં આવવા માત્ર માટે મને ખૂબ ભાગ્યશાળી સમજું છું."

★ભરત સાંગાણી★

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOGSS NO 371
વિષયઃ-અવકાશયાત્રી-સુનિતા વિલિયમ્સ
શિર્ષકઃ કયા શબ્દોમાં વર્ણવું
પ્રકારઃ અછાંદસ શબ્દોઃ- ૯૯

કંઇ રીતે કરું શરૂઆત એજ મને સમજાતું નથી,
ઓ અવકાશી પરી સુનિતા આપના સાહસને કંઇ રીતે બિરદાવું.

છો એક નારી છતા સાહસ કર્યું આભને આંબવાનું,
ઓ ભારતની નારી તમે તો આભને પણ નમાવી દીધું.

નવ નવ માસ અવકાશમાં રહીને વિક્રમ તમે સજર્યો છે,
શોધને પ્રયોગો કરતા રહી મંગળ પર તિરંગો લહેરાવ્યો છે.
"જે કર ઝુલાવે પારણું તે જગ પર શાસન કરે" એ સાબિત કરી બતાવ્યું,
સ્ત્રી સશક્તિકરણની વાતો નહીં પણ હકીકત છે સાબિત કરી બતાવ્યું.

કહે ચાંદની ક્યાં શબ્દોમાં વર્ણવું આપની સાહસિક યાત્રાને શબ્દો ઓછા પડે છે,
આત્મવિશ્વાસને આત્મબળે આવ્યા વિજયી બની ધરા પર કસોટી આપને ક્યાં નડે છે.

ભાવના જોષી ચાંદની
વડોદરા હાલ
છોટાઉદેપુર

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS NO-195
વિષયઃ- અવકાશ યાત્રી સુનિતા વિલિયમ્સ
શીર્ષકઃ- ભગીરથ કામ કર્યુ
પ્રકાર :- પદ્ય શબ્દોઃ- ૮૭

પૃથ્વીનુ લઈ પાથરણું આભને આંગણું કર્યું,
સ્મિત વેર્યુ સુનિતા તમે ભગીરથ કામ કર્યુ.

સાત કોઠા જીતી ગયા, સાફલ્ય તમને સર્યું,
નવ માસ નભમાં નિરંતર ભગીરથ કામ કર્યુ.

દુઃખ વેઠ્યું દીકરી તોય સ્મિત જરાય ના ખર્યુ,
યમના આંગણે જઈને તમે ભગીરથ કામ કર્યુ.

ગરવી ગુજરાતી ગૌરવ છો ભીતર ભાવ ભર્યુ,
મોત લૈ હાથમાં મલ્કી ગયાં ભગીરથ કામ કર્યુ.

ભૂખ,તરસમાં ભમ્યા કર્યુ,અંતરિક્ષ અંતર ધર્યું,
જગત સારુ જોખમ વેઠ્યું ભગીરથ કામ કર્યુ.

ભાવથી પોકારો, પ્રેમથી પોકારો સંકટ સૌ ટળ્યું,
પાડ માનો પ્રભુનો દિકરી એ ભગીરથ કામ કર્યુ.

અમૃત શ્રીમાળી ....મહેસાણા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS NO. 215
વિષય : ’’ અવકાશ યાત્રી સુનિતા વિલિયમ્સ "
શીર્ષક : " હર કોઈ કરે નમન "
પ્રકાર : પદ્ય, શબ્દો : ૭૬.

એક હિન્દુસ્તાની મહિલાને હર કોઈ કરે નમન,
જેણે શોધ-ખોળ માટે, અંતરિક્ષમાં કર્યુ ગમન.

સુનિતાએ દુનિયામાં, ખૂબ રોશન કર્યુ છે નામ,
ગુજરાતીનું શીશ ઉચ્ચું રહે એવું કર્યુ છે કામ,

જગત કાજે યાતના વેઠી ના ખુદનું કર્યુ જતન,
એક હિન્દુસ્તાની મહિલાને હર કોઈ કરે નમન.

કલ્પનાને ખોયા પછી, નહોતી ખોવી સુનિતાને,
ખૂબ પ્રાર્થનાઓ થઈ, બચાવવાં એક વનિતાને

શ્રેમ કુશળ, હેમ ખેમ થયું સુનીતાનું આગમન,
એક હિન્દુસ્તાની મહિલાને હર કોઈ કરે નમન.

શ્યામ ગોયાણી 'શ્યામ'

શિવેન્દ્રનગર (હાલ સુરત)

# ભાજપના સાંસદે જ સી. આર. પાટીલના પોકળ દાવાઓ ઉઘાડા પાડ્યા, ગામડાંના ૬૦ ટકા વિસ્તારમાં પાણીની સમસ્યા યથાવત્ત"

કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવમાં નળ સે જળ યોજનાનું ૧૦૦ ટકા અમલીકરણના દાવા ખોટા હોવાની માહિતી લોકસભામાં આપવામાં આવી છે. દાદરા નગર હવેલીના ભાજપના જ મહિલા સાંસદે જ જળશક્તિ મંત્રાલયના દાવાઓને ખોટા ગણાવી હજુ પણ ગ્રામ્ય વિસ્તારોના ૬૦ ટકા ઘરોને પાણી નહી મળતું હોવાનો આક્ષેપ કર્યો છે.કેન્દ્ર સરકારના જળશક્તિ



મંત્રાલય દ્વારા કેન્દ્રશાસિત પ્રદેશ દા.ન.હવેલી અને દમણ-દીવમાં 'હર ઘર નલ સે જલ' યોજનાનું ૧૦૦ ટકા અમલીકરણ કરવામાં આવ્યું હોવાની લોકસભામાં માહિતી આપવામાં આવી હતી.

કેન્દ્રિય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલે દીવ-દમણના અપક્ષ સાંસદ ઉમેશ પટેલ દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્ન સંદર્ભે જવાબ આપતાં જણાવ્યું હતું કે, કેન્દ્રશાસિત પ્રદેશના પ્રશાસન દ્વારા કેન્દ્ર સરકારની કોઈ પણ જાતની મદદ વગર સ્વભંડોળથી આ યોજનાનું ૧૦૦ ટકા અમલીકરણ કરવામાં આવ્યું છે. અને અમલીકરણ અંગે પ્રદેશના તમામ સરપંચો દ્વારા લેખિતમાં જાણ પણ કરવામાં આવી છે. કેન્દ્ર સરકારે આ ઉપલબ્ધિ માટે પ્રશાસનની પીઠ પણ થપથપાવી હતી. પરંતુ દીવા તળે અંધારૂં જેવો ઘાટ હોવા અંગેની જે-તે સમયે અપક્ષ સાંસદ ઉમેશ પટેલે રજૂઆત કરી આ સમગ્ર મામલે નિષ્પક્ષ તપાસની માંગ કરી હતી.

ભાજપના પોકળ દાવાઓની પોલ ભાજપના સંસદ સભ્ય એજ ખુલ્લી પાડી છે. લોકસભામાં નલ સે જલ યોજના અંગે દા.ન.હવેલીના ભાજપના જ મહિલા સાંસદ કલાબેન ડેલકરે પ્રશાસન અને જળશક્તિ મંત્રાલયના ૧૦૦ ટકા અમલીકરણના દાવાઓનો ફુગ્ગો ફોડતાં જણાવ્યું હતું કે, આજે પણ ગ્રામ્યના ૬૦ ટકા વિસ્તાર સુધી આ યોજના પહોંચી નથી. પ્રદેશમાં પાણી અને રસ્તાની સમસ્યા લોકોનો માથાનો દુઃખાવો બની ગયો છે. વિકાસ પાછળ રૂ. ૧૨ હજાર કરોડનો ખર્ચ કર્યા બાદ પણ લોકોની મુળભુત સમસ્યાઓ હજુ પણ ઠેરની ઠેર છે. અને આજે પણ અંતરિયાળ વિસ્તારોમાં મહિલાઓને દુર-દુર સુધી પાણી ભરવા માટે જવું પડી રહ્યું છે. જેથી નલ સે જલ યોજનાનો લાભ ના મળે ત્યાં સુધી વૈકલ્પિક વ્યવસ્થા ઊભી કરી પાણી પુરૂં પાડવા માંગ કરી હતી.

# ભારતીય મજદુર સંઘની ગુજરાત પ્રદેશ કારોબારી બેઠક ગઢડા મુકામે યોજાઈ.

ન્યૂઝ ઓફ ગાંધીનગર : ભાવેશ પરમાર (બોટાદ)

ભારતીય મજદુર સંઘની ગુજરાત પ્રદેશ કારોબારી બેઠક બોટાદ જીલ્લા મજદુર સંઘના યજમાનપદે ગઢડા મુકામે તા.૨૨-૨૩ માર્ચ-૨૦૨૫ ના રોજ યોજાઇ ભારતીય મજદુર સંઘ ગુજરાત પ્રદેશની પ્રદેશ કાર્યસમિતિની બે દિવસીય બેઠક બોટાદ જીલ્લા મજદુર સંઘના યજમાનપદે ગત તા.૨૨ માર્ચ ૨૦૨૫ થી તા.૨૩ માર્ચ ૨૦૨૫ દરમ્યાંન બોટાદ જીલ્લાના ગઢડા મુકામે બી.એ.પી.એસ સ?વામીનારાયણ મંદીર ખાતે સહજાનંદ હોલમાં યોજાઇ સદરહું બેઠકમાં ભારતીય મજદુર સંઘ ગુજરાતના પ્રદેશ પદાધિકારીઓ, કાર્યસમિતિના સદસ્યો, તથા વિશેષ આમંત્રિત સભ્યોય હાજર રહેલ. તેમજ ભારતીય મજદુર સંઘને લગત સંગઠનાત્મક બાબતોને અનુલક્ષીને અગત્યના નિર્ણયો કરવામાં આવેલ. સદરહું બેઠકના આયોજન અંગે ભારતીય મજદુર સંઘ બોટાદ જીલ્લા પ્રભારી સમીરભાઇ એચ.જોશી, બોટાદ જીલ્લા અધ્યક્ષ રાજુભાઇ ડેરૈયા, જીલ્લામંત્રી કુલદીપભાઇ ધાધલ, જીલ્લા કોષાધ્યક્ષ ઉદયરાજ ખાચર ધ?વારા સદરહું બેઠકમાં ઉપસ્થિરત રહેનાર કાર્યકર્તાઓ માટે વિવિધ વ્યાવસ?થાઓ ગોઠવી આ બેઠકને સફળ બનાવેલ હતી

# શ્રી વૈષ્ણવ રામાનંદી સાધુ સમાજ ટ્રસ્ટ, અમદાવાદ દ્વારા છઠ્ઠા સમૂહ યજ્ઞોપવિત સંસ્કાર સમારોહનું ભવ્ય અને સફળ આયોજન




શ્રી વૈષ્ણવ રામાનંદી સાધુ સમાજ ટ્રસ્ટ, અમદાવાદ દ્વારા છઠ્ઠા સમૂહ યજ્ઞોપવિત સંસ્કાર સમારોહનું ભવ્ય અને સફળ આયોજન જગતજનની મા અંબાના પવિત્ર યાત્રાધામ ગિયોડ મુકામે કરવામાં આવ્યું, આ પ્રસંગે ૧૦ બટુકોએ યજ્ઞોપવિત ધારણ કરી હતી, તેમને આશીર્વાદ આપવા ૨૦૦૦ કરતાં વધુ સંખ્યામાં જ્ઞાતિબંધુઓ ઉપસ્થિત રહ્યા હતા, આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા, અને આજીવન ચોપડાના દાતાશ્રી ઋષિકેશભાઈ રઘુવીરદાસ આચાર્ય, ધણપ પરિવાર તરફથી વિનામૂલ્યે ચોપડા વિતરણ કરવામાં આવ્યું હતું, સમાજના વડીલ જ્ઞાતિબંધુઓ અને તેજસ્વી તારલાઓને સમાજ ગૌરવ તરીકે સન્માનિત કરવામાં આવ્યા હતા, સમાજનું ભવન બનાવવા માટે પ્રસ્તાવ મુકવામાં આવ્યો જેને સર્વાનુમતે સહર્ષ વધાવી તેના પ્રતિઘોષ સમાન અસ્ખલિત દાનની સરવાણીનો પ્રવાહ વહેવડાવી સમાજના આ પ્રસ્તાવને સૌએ આવકાર્યો હતો.

# ગુજરાતમાં પણ પૂર્વ ધારાસભ્યોને પેન્શન સહિતના લાભો આપવા એક્સ.એમ.એલ.એ.કાઉન્સિલની માંગ

ગુજરાત એક્સ.એમ.એલ.એ.કાઉન્સિલના ચેરમેનશ્રી બાબુભાઈ મેઘજી શાહે જણાવ્યું હતું કે પૂર્વ ધારાસભ્યો માટે પેન્શન અને અન્ય સગવડો સંદર્ભે અનેક પત્રો માન. મુખ્યમંત્રીશ્રીને લખવા છતાં એક પણ વખત ચર્ચા કરવાનું સૌજન્ય દાખવવામાં આવતું નથી જે દુઃખદ બાબત છે. દેશના અન્ય રાજ્યોમાં પૂર્વ ધારાસભ્યોને પેન્શન ઉપરાંત સંખ્યાબંધ સગવડો સ્વમાનપૂર્વક અપાય છે. પરંતુ ગુજરાત જ એક એવું રાજ્ય છે જેમાં પૂર્વ ધારાસભ્યોને પેન્શન અને અન્ય સગવડોથી વંચિત છે.

પૂર્વ ધારાસભ્યો પણ વિતેલા જમાનાના સંનિષ્ઠ લોકસેવક છે, જેઓએ પ્રામાણિકતાથી પ્રજાકીય કામો કરેલા છે. પોતે ધારાસભ્ય નથી એટલે પ્રજાનું કામ નહીં કરે તેવા તેઓ નિષ્ઠુર નથી.

આ લોકપ્રતિનિધિઓએ એવે સમયે ગુજરાત વિધાનસભાના સભ્યપદ થકી લોકસેવામાં પ્રદાન કર્યું હતું જ્યારે ધારાસભ્યોના પગાર અને ભથ્થાં નગણ્ય હતાં. આમાંના ઘણા બધા ખાસ કરીને વનવાસી તેમજ અનુસૂચિત જાતિના અને આર્થિક રીતે તેમજ સામાજિક રીતે પછાત જાતિઓમાંથી આવતા એવા પૂર્વ ધારાસભ્યશ્રીઓ છે કે જે પોતાનું ગુજરાન માંડ માંડ ચલાવે છે. લોક પ્રતિનિધિ હોવાને નાતે આજે પણ નાનાં મોટાં પ્રજાહિતનાં કામો લઈને એમણે તાલુકા, જિલ્લા કે રાજ્ય કક્ષાની સરકારી કચેરીઓ અને મંત્રીશ્રીઓ સુધી લાંબા થવું પડે છે. થોડા સમય પહેલાં સરકારે એમને રાજ્ય માર્ગ વાહન વ્યવહારની બસોમાં મફત મુસાફરી કરવાની સવલત આપી છે. પરંતુ તેમાં પણ ઓનલાઈન રીઝર્વેશન બુકીંગ જેવી બાબતોમાં આજે પણ અનેક હાલાકીઓ વેઠવી પડી રહી છે. તબીબી સારવાર માટે પણ મહદ અંશે કેટલીક સવલતો આપવામાં આવી છે પણ અન્ય રાજ્યોની સરખામણીએ ન ગણ્ય છે. અગાઉ કહ્યું તેમ આ પ્રજાસેવકો જ્યારે વિધાનસભાના સભ્ય હતા ત્યારે એમને મળતાં ભથ્થાં અને પગાર સાવ નહિવત હતાં. આને કારણે આજે ઘણા બધા પૂર્વ ધારાસભ્યશ્રીઓ એવા છે જેને બે છેડા ભેગા કરતાં આંખે પાણી આવી જાય છે. આવા કેટલાક પૂર્વ ધારાસભ્યો પેન્શન મળશે એવી આશાએ ને આશાએ જ દિવગંત થઈ ગયા.

જે સધ્ધર સ્થિતિમાં છે તેવા પૂર્વ ધારાસભ્યશ્રીઓને કશું જ જોઈતું નથી. પણ અત્યંત આર્થિક સંકડામણમાં જીવતા કેટલાક સાથી પૂર્વ ધારાસભ્યશ્રીઓ માટે નિર્વાહ ભથ્થાં જેવી કોઈ વ્યવસ્થા કરવી જોઈએ. એક જમાનો હતો જ્યારે અત્યારે વિધાનસભામાં છે એવી ખૂબ મોટી આર્થિક સધ્ધરતા અને કરોડો રૂપિયાના આસામી હોય એવા ધારાસભ્યો જેવી આર્થિક પરિસ્થિતી ચૂંટાયેલા ધારાસભ્યોની નહોતી. દેશના લોકસભા, રાજ્યસભા અને ગુજરાત સિવાયના બધા જ રાજ્યોમાં પૂર્વ ધારાસભ્યશ્રીઓને પેન્શન સહિતના અનેક લાભો આ કરોડપતિ ધારાસભ્યોને મોંઘવારી અને વધી રહેલ ખર્ચને આગળ કરી આવો જંગી પગાર અને ભથ્થાંનો વધારો અપાતો હોય તો માન. મુખ્યમંત્રીશ્રીની નૈતિક ફરજ બને છે કે આર્થિક સક્ષમતાના જે માપદંડો નાખવા હોય તે નાખીને ગુજરાતના પૂર્વ ધારાસભ્યશ્રીઓ ને લોકસભા અને રાજ્યસભાના ધોરણે લાભો આપવા જોઈએ.

જિંદગીનાં બહુ ઓછાં વરસો હવે તેમણે ગાળવાનાં છે ત્યારે આજે આ સન્માનનીય સભાગૃહના પોણા ભાગના સભ્યો કરોડપતિ હોવા છતાંય જો એમના પગાર અને ભથ્થાં હોય તો આ મુદ્દે પૂર્વ ધારાસભ્યોની માંગણી વ્યાજબી છે અને એનો સ્વીકાર થવો જોઈએ એવી ગુજરાતના આ પક્ષ, તે પક્ષ કે અપક્ષ, કોઈ પણ રીતે ધારાસભ્ય રહી ચૂકેલા પૂર્વ ધારાસભ્યોની એક અવાજે માગણી છે.

અત્યાર સુધી ગુજરાતની પ્રજાના લોકમતના નામે આ માંગણી મંજૂર નહીં કરવાની નીતિ અગાઉની સરકારોની રહી છે. પણ જ્યારે લોકસભા, રાજ્યસભા અને દેશની ગુજરાત સિવાયની તમામ વિધાનસભાના પૂર્વ સદસ્યોને પેન્શન સહિતના લાભ અપાતા હોય તો ગુજરાતને કેમ નહિ? રાજ્યના પૂર્વ ધારાસભ્યશ્રીઓની કાઉન્સીલે કોઈ પણ સરકાર હોય એની પ્રજાહિતની કામગીરી અને રચનાત્મક પ્રવૃત્તિને પક્ષના મતમતાંતરથી ઉપર ઊઠીને આવકારી છે. અને તેમાં પોતાનાથી બનતો સહકાર પણ આપ્યો છે.

એસ.ટી.ના જી.આર. મુજબ પૂર્વ ધારાસભ્ય તરીકેનું કાર્ડ બતાવો એટલે આખા રાજ્યની બસોમાં મુસાફરી કરી શકાય. પરંતુ હાલ ડીઝીટલ ગુજરાતમાં પૂર્વ ધારાસભ્યોને એસ.ટી માં ઓનલાઈન બુકીગની પણ સવલત નથી. અને કેટલીક વાર બસમાં રીઝર્વ સીટ હોવા છતાં સીટ ઉપર પૂર્વ ધારાસભ્ય ન લખાયેલું હોવાથી પૂર્વ ધારાસભ્ય/મંત્રીને અપમાનિત થવું પડે છે.

આમ, અન્ય રાજ્યોની વાત કરીએ તો હાલમાં જ સિક્કીમના મુખ્યપ્રધાને ભુતપૂર્વ ધારાસભ્યોને લઘુત્તમ માસિક પેન્શન રૂ.૫૦,૦૦૦ આપવાની જાહેરાત કરી. એફએલએફએસના ૨૨મા સ્થાપના દિવસ નિમીત્તે ધારાસભ્ય તરીકે એક કાર્યકાળ પૂર્ણ કરનાર ભુતપૂર્વ ધારાસભ્યને હવે ૫૦,૦૦૦ નું માસિક પેન્શન મળશે. જે પહેલાં ૨૨,૦૦૦ હતું. તેમજ બે કે તેથી વધુ ટર્મ ધારાસભ્ય તરીકે સેવા આપી છે તેમને હવે ૨૫,૦૦૦ થી વધારી ને ૫૫,૦૦૦ રૂપિયા મળશે. ઉપરાંત સિક્કીમ સરકાર સિક્કીમના ભુતપૂર્વ ધારાસભ્ય સંઘને ૨૦ લાખ રૂપિયાની વાર્ષિક અનુદાન સહાય પુરી પાડશે. એવી જ રીતે અગાઉ ગુજરાતમાંથી જ વિભાજન થયા બાદ મહારાષ્ટ્ર રાજ્ય સરકાર પણ પૂર્વ ધારાસભ્યશ્રીઓને ૫૦,૦૦૦ ઉપરાંત પર ટર્મ દીઠ ૧૦,૦૦૦ ના વધારા સાથે પેન્શન અને રેલ્વે, હવાઈ મુસાફરી જેવી અનેક સવલતો પૂર્વ ધારાસભ્યશ્રીઓને પુરી પાડવામાં આવે છે.

એકદંરે ગુજરાતના પૂર્વ ધારાસભ્યશ્રીઓને પણ લોકસભા-રાજ્યસભાના ધારાધોરણ મુજબ સવલતો, બાબતે સત્વરે સરકાર પુનઃવિચારણા કરવા માન. મુખ્યમંત્રીશ્રી, માન. સંસદીય બાબતોના મંત્રીશ્રીને અપીલ કરીએ.




**ગાંધીનગર શહેર આમ આદમી પાર્ટી દ્વારા પ્રદેશ સંગઠન મંત્રી શ્રી સૂર્યસિંહ ડાભી, શહેર પ્રમુખ શ્રી લાલભાઈ વણઝારા, મહામંત્રી શ્રી પુષ્પક પટેલ, વિક્રમસિંહ ગોહીલ, કૌશલ પ્રજાપતિ, પ્રભાતસિંહ સોલંકી સહિત અન્ય આગેવાનોએ ગુજરાતમાં ભયંકર રીતે વધેલા ડ્રગ્સ ના દૂષણમાં યુવાધન એ ગુજરાત હોમાઈ રહ્યું છે તેમજ પકડાયેલું ડ્રગ્સ ક્યાં જાય છે તેનો જવાબ ભાજપ સરકાર વિધાનસભાનાં આમ આદમી પાર્ટીના ધારાસભ્યશ્રીઓએ ઉઠાવેલ મુદ્દાનો જવાબ સુધ્ધાં પણ આપી શકી નથી તેમજ ૨૦,૦૦૦ કરોડનું પકડાયેલા ડ્રગ્સનો નાશ ક્યાં અને કેવી રીતે કર્યો તેની માહીતી પણ સરકાર વિધાનસભામાં આપી શકી નથી જેથી ડ્રગ્સના દૂષણ મામલે નિષ્ફળ નિવડેલ રાજ્ય ગૃહમંત્રીશ્રી હર્ષ સંઘવીને તાકીદે પદભ્રષ્ટ કરી યુવાધન અને ગુજરાત રાજ્યને ડ્રગ્સના દૂષણથી બચાવે તેવી માંગ સાથે આજે જિલ્લા કલેક્ટરશ્રીને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.**

# રાજ્યમાં ૯ દિવસથી ચાલતી આરોગ્ય વિભાગના? કર્મચારીઓની માંગને વિધાનસભા? કોંગ્રેસ પક્ષનું સમર્થન : અમિત ચાવડા

રાજ્યભરમાં સતત ૯ દિવસથી ચાલી? રહેલ આરોગ્ય વિભાગના કર્મચારીઓની? હડતાળને? ટેકો? આપતા અને? સરકારને? આ કર્મચારીઓની? માંગણી પૂરી? કરવા રજુઆત કરતા ગુજરાત? વિધાનસભા કોંગ્રેસ? પક્ષના નેતા શ્રી અમિત? ચાવડાએ જણાવ્યું કે? ઠંડી? હોય,? ગરમી? હોય, વરસાદ? હોય, લોકોના આરોગ્ય માટે દિવસ રાત મહેનત? કરતા? ગુજરાતના આરોગ્ય? વિભાગના? જે? કર્મચારીઓ છે,? મલ્ટી પર્પઝ? હેલ્થ? વર્કર હોય, ફિમેલ હેલ્થ? વર્કર? હોય,? મલ્ટી પર્પઝ? સુપર વાઈઝર હોય, ફીમેલ હેલ્થ? સુપર? વાઈઝર હોય કે તાલુકા કે જિલ્લાના સુપર? વાઈઝર? હોય,? આરોગ્ય? વિભાગ અને? પંચાયત? વિભાગના? જે? પણ? કર્મચારીઓ? છે જેમણે? કોરાનાના? કપરા? સમયમાં પણ પોતાના? કે? પરિવારના જીવની? ચિંતા કર્યા? વગર આ? ગુજરાતના લોકોને? કોરોનામાંથી? બચાવવા માટે? ખૂબ? મહેનત અને? સંઘર્ષ કર્યો? છે.




લાંબા? સમયથી આ? કર્મચારીઓ પોતાની? નાણાકીય? માંગણીઓ, વહીવટી? માંગણીઓને લઈને સરકારને સતત રજુઆત? કરતા આવ્યા છે અને? સરકારે પણ અનેક? વાર? વાટાઘાટો? કરી,? કર્મચારીઓને માત્ર આશ્વાસનો આપ્યા, એના માટે? એક? કમિટી? પણ? બનાવી અને? એ કમિટીએ? જે? ભલામણો? કરી એ ભલામણનો? અમલ સરકાર? કરવા માંગતી નથી.

શ્રી? અમિત ચાવડાએ? આક્રોશ વ્યક્ત કરતા? જણાવ્યું કે આખા ગુજરાતમાંથી આરોગ્ય વિભાગના કર્મચારીઓ પોતાની? નાણાકીય? અને વહીવટી માંગણીઓને? લઈ,? છેલ્લા ૯ દિવસથી ગાંધીનગરમાં ધામા નાખીને આંદોલન? કરી? રહ્યા છે, છતાંય? સરકારના પેટનું પાણી હલતું? નથી. આ આરોગ્ય કર્મીઓની જે વ્યાજબી માંગણીઓ છે,? એમને ટેકનિકલ ગ્રેડ પે મળવો જોઈએ,? ખાતાકીય? પરીક્ષાઓ? થાય? છે? એમાં? આરોગ્ય વિભાગના સિવાયના? પ્રશ્નો? પૂછાય? છે? એવી? ખાતાકીય? પરીક્ષાઓ? નાબૂદ? થવી જોઈએ.

રાજ્ય? સરકારી? નીતિને? અંગ્રેજો સાથે? સરખાવતા? શ્રી? અમિત ચાવડાએ જણાવ્યું? કે? આ? આરોગ્ય કર્મીઓ નાણાકીય? અને? વહીવટી? માંગણીઓને લઈ આંદોલનના ૯ માં? દિવસ થયો? હોવા? છતાં? સરકાર? એની સાથે વાટાઘાટ? કરવા? પણ? તૈયાર? નથી,? ઊલટું? અંગ્રેજોની નીતિ મુજબ સરકાર? વર્તન? કરી? રહી? છે જેમ કે? ભારતના બંધારણે દરેક? વ્યક્તિને? અભિવ્યક્તિની આઝાદી આપી? છે, પણ આ? સરકાર હવે? નવા અંગ્રેજો રૂપે? લોકોને વિરોધ કરવાનો નહી,? અભિવ્યક્તિ રજૂ? નહી કરવાની? અને? એ રીતે? એમની પર કાયદા? અને કાનૂન? લગાવી, લોકોને નોકરીમાંથી સસ્પેન્ડ? કરવાના અને ટર્મિનેટ? કરવાના આદેશો? કરી? રહ્યા છે.

વિધાનસભા? ગૃહમાં કરવામાં આવેલી રજૂઆત મુદ્દે? શ્રી અમિત? ચાવડાએ? જણાવ્યું કે? આજે વિધાનસભામાં? આરોગ્ય વિભાગની? ચર્ચામાં પક્ષના? ધારાસભ્યો ડો. કિરીટ પટેલ અને શ્રી વિમલ? ચુડાસમાએ? આ આરોગ્ય? વિભાગના? કર્મચારીઓની? વ્યાજબી માંગણીઓ છે, એને? માટે સરકાર? તેમને? તાત્કાલિક વાટાઘાટો માટે બોલાવે? અને તેમની માંગણીઓનો સ્વીકાર કરે? અને હડતાળને? સમાપ્ત કરે.

આરોગ્ય? કર્મીઓની? માંગને સમર્થન આપતા શ્રી અમિત ચાવડાએ? જણાવ્યું કે? અમે વિધાનસભા? કોંગ્રેસ? પક્ષ તરીકે આખા ગુજરાતના લોકોની આરોગ્યની ચિંતા કરવાવાળા,? કામ? કરવા વાળા જે હજારો? આરોગ્ય? વિભાગ? અને પંચાયત વિભાગના કર્મચારીઓની? માંગણીઓને? સમર્થન કરીએ? છીએ. અમે? સરકારને? પણ ફરી? વિનંતી કરીએ? છીએ કે તાત્કાલિક? આ? લોકોને ચર્ચા કરવા માટે? બોલાવો, એમની? તમામ માંગણીઓ જે? કમિટીએ ભલામણ? કરી છે એ? મુજબ? એનો? સુખદ ઉકેલ? આવે અને? ગુજરાત આખામાં એ ગ્રામ્ય? વિસ્તાર? હોય કે તાલુકા મથક? હોય કે? જિલ્લા? મથક? હોય બધી જ જગ્યાએ? જે? આરોગ્ય સેવાઓ ખોરવાઈ ગઈ? છે? અને લોકોએ? અત્યારે? હેરાન? પરેશાન થઈ? રહ્યા? છે એમાંથી? મુક્તિ અપાવો? અને? આંદોલનનો અંત? લાવો? અને જે લોકો સામે પગલા લીધા છે એ તમામ? પગલાંના? હુકમો અને? નોટિસો પરત ખેંચો એવી માંગણી? કરી? છે.

# પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય ડાકોર દ્વારા બ્રહ્માકુમારી પરિવાર ડાકોર દ્વારા વિશેષ શિવ ધ્વજારોહાણ કાર્યક્રમ યોજવામાં આવ્યો




પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિધાલય ડાકોર ધ્વારા તારીખ ૨૫ માચઁ ૨૫ ને મંગળવાર ના રોજ બ્રહ્માકુમારી પરિવાર ડાકોર દ્વારા વિશેષ શિવ ધ્વજારોહાણ કાર્યક્રમ યોજવામાં આવ્યો .

અતિથિ વિશેષ તરીકે ડાકોર નગરપાલિકા પ્રમુખશ્રી વિપુલભાઈ શાહનું સન્માન કરવામાં આવ્યું .બ્રહ્માકુમારી સંસ્થાના બ્રહ્માકુમારી નીતાબેન તથા બ્રહ્માકુમારી અર્પિતાબેને પ્રમુખશ્રીને વિશેષ શુભેચ્છાઓ પાઠવી તેમનું બહુમાન કર્યું તેમજ માજી પ્રમુખ રવિન્દ્રભાઈ તથા દિલીપભાઈ એગ્રોવાળા તથા નગરપાલિકા ના સભ્યશ્રીઓ અગ્રણીઓ એ હાજરી આપી હતી તેઓના વરદ હસ્તે ધજારોહન વિધિ સંપન્ન કરવામાં આવી .

બ્રહ્માકુમારી નીતાબેને પરમાત્મા નો સંદેશ આપતા જણાવ્યું કે આ ધ્વજ સર્વના કલ્યાણ અને સર્વ ડાકોર નગરજનો ના રક્ષણનું પ્રતીક છે જે સર્વ નગરજનોની સદાય રક્ષા કરશે પરમાત્મા અવતરણ દ્વારા સર્વ માનવ આત્માના કલ્યાણ અર્થે કાર્ય કરતી આ સંસ્થામાં સર્વના તન અને મનની સ્વચ્છતા માટે રાજયોગ મેડીટેશન નું મહત્વ જણાવી સર્વને યોગી જીવન બનાવવા માટેની પ્રેરણાઓ આપી તેમજ સર્વેના કલ્યાણની શુભ ભાવના વ્યક્ત કરી હતી .

આ કાર્યક્રમમાં બ્રહ્માકુમારી પરિવારના સૌ ભાઈ બહેનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા તથા નગરના મહાનુભાવો , આગેવાનો એ પણ હાજરી આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો - રીપોટઁ બ્રહ્માકુમારીજ ડાકોર

# કવિ શ્રી બોટાદકર કૉલેજ ખાતે સ્નાતક/અનુસ્નાતક વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો !







રિપોર્ટર : ભાવેશ પરમાર (બોટાદ)

વિદ્યાભારતી ટ્રસ્ટ સંચાલિત કવિ શ્રી બોટાદકર આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ બોટાદમાં સ્નાતક અને અનુસ્નાતક વિભાગમાં અંતિમ સેમેસ્ટરમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓનો વિદાય સહ શુભેચ્છા સમારોહ કૉલેજના આચાર્યશ્રી ડૉ. અનિરુદ્ધસિંહ મકવાણા સાહેબના અધ્યક્ષસથાને સભાખંડમાં યોજાઈ ગયો. વિદ્યાર્થીઓ દ્વારા દીપ પ્રાગટ્ય થયાં બાદ ડૉ. જાદવસાહેબે શાબ્દિક સ્વાગત અને ડૉ. નિમેષસાહેબે પ્રાસંગિક ઉદ્દબોધન કર્યું હતું. અતિથિ વિશેષ તરીકે ડૉ. બાબાસાહેબ ઓપન યુનિવર્સિટીના કુલપતિ ડૉ. અમીબહેન ઉપાધ્યાય અને એલ.જે.ગર્લ્સ સ્કૂલનાં આચાર્યાશ્રી સુકન્યાબહેન રામાનુજે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને શુભેચ્છાસહ જીવનોપયોગી પ્રેરક વક્તવ્ય આપ્યું હતું. ત્યારબાદ વિદાય લઈ રહેલાં વિદ્યાર્થી ભાઈ-બહેનોએ પોતાનાં પ્રતિભાવ આપી કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. ડૉ.જયોતિબેન, ડૉ.તૃપ્તિબેન, પ્રા.વૈશાલીબહેન અને પ્રા.આરતીબહેન દ્વારા વિદ્યાર્થીઓને પ્રેરણા આપતાં મનનીય વક્તવ્યો આપ્યાં હતાં. કાર્યક્રમમાં વહીવટી સ્ટાફના કિશનભાઈ અને જૈનમભાઈ ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમનું સંચાલન વિદ્યાર્થિની બહેનોએ સુપેરે સંભાળ્યું હતું. કૉલેજનો સમગ્ર સ્ટાફ પરિવાર અને વિદ્યાર્થીઓ બહોળી સંખ્યામાં હાજર રહ્યાં હતાં.

# ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનાં કુલપતિ બોટાદકર કૉલેજની મુલાકાતે પધાર્યા !




રિપોર્ટર : ભાવેશ પરમાર (બોટાદ)

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અમદાવાદના કુલપતિ ડૉ.અમીબહેન ઉપાધ્યાય આજરોજ કવિ શ્રી બોટાદકર આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ બોટાદ ખાતે કાર્યરત સેન્ટરની મુલાકાતે પધાર્યાં હતાં. કૉલેજના આચાર્યશ્રી ડૉ.અનિરુદ્ધસિંહ મકવાણા સાહેબે પુષ્પગુચ્છથી તેમનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ સેન્ટરનાં કૉ-ઓર્ડીનેટર ડૉ.જ્યોતિબહેન વિશ્વકર્મા તેમજ વહિવટી કલાર્ક જૈનમભાઈ શાહ તથા અમરદીપભાઈ સાથે યુનિવર્સિટીનાં વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરી હતી. કૉલેજ ખાતે ચાલતાં સેન્ટર પરનાં વિદ્યાર્થી સહાયતા કેન્દ્રની સુવિધાથી તેઓ ખૂબજ પ્રભાવિત થયાં હતાં.

# ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા બોટાદ શહેરમાં યોગ શિબિર યોજાઈ

રિપોર્ટર: ભાવેશ પરમાર (બોટાદ)




બોટાદ જિલ્લા માં યોગપ્રિય જનતા માટે આજરોજ બોટાદ શહેર માં આવેલ ગિરિરાજ જૈન ઉપાશ્રય ખાતે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા એક સરસ મજાની શિબિર નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં અનેક બોટાદ જિલ્લાની યોગ પ્રિય બહેનો આ યોગ શિબિરમાં જોડાયેલ હતા અને યોગ શિબિર માં ખાસ બોટાદ જિલ્લા ને માન આપી ને ઝોન ના ઓડીનેટર વંદનાબેન રાજાની સાહિલ ભાઈ રાજપરી ખાસ ઉપસ્થિતિ રહ્યા હતા યોગ શબ્દ સંસ્કૃત ધાતુ યુજ પરથી નિસ્પન થયો છે જેનો અર્થ થાય છે જોડવું મન અને શરીર ને સંવાદી બનાવીને જીવવાની પ્રવિધિને પ્રારંભિક યોગ ગણવામાં આવ્યો છે ભગવત ગીતામાં કર્મ કુશળતાને જો ગણ્યો છે કેટલાક વિદ્વાનોએ મૂળ સંસ્કૃત શબ્દનો અર્થ કર્યો છે ધ્યાન ને કેન્દ્રિત કરવાની ક્રિયા યોગ એવો વિષય છે જેને માર્યાદિત વ્યાખ્યામાં બાંધીને એની સર્વ માન્ય એવો કોઈ એક રાખ્યા કરવાનું શક્ય બન્યું નથી તેના સાધકોએ અભિગમથી એનું સ્વરૂપ સમજાવ્યું છે જે સર્વગ્રાહી નથી પણ તે યોગના કોઈ એકાદ સ્વરૂપ તે પાસાને સ્પર્શે છે પ્રારંભમાં યોગનો ઉપયોગ ઋષિ મુન્ની ઓ સાધુ સંન્યાસીઓ અને સાધકો માટેજ મર્યાદિત હતો હવે પ્રત્યેક વ્યક્તિ ને પણ યોગ અને તેના થી થતા લાભ માટે લાયક માનવામાં આવે છે એટલે ગુરુ પાસેથી યોગ શીખવાની વાત હવે સંસ્થાઓ અને અનેક ખાનગી અને શૈક્ષણિક સંસ્થાઓ કાર્યો શિબિરો ને તાલીમ વર્ગ કામ કરતા થયા છે મનો વિજ્ઞાનિક સમસ્યાઓ ઉકેલ અને તણાવ ઘટાડવા માટે યોગ નો ઉપયોગ કરતી સંસ્થઆવો કાર્યરત છે આ કાર્યક્રમને સફળ બનાવવા માટે જૈન સમાજના ટ્રસ્ટીગણ સચીનભાઈ બગડીયા અને તુષારભાઈ બગડીયા ભારે જેહમત ઉઠાવેલ હતી

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.